૩૦

નવી પસંદગી સમિતિ (Sclection Committee)ની રચના ન થાય ત્યાં સુધી ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૧ના નિયમ-૯૨ હેઠળ રચાયેલ પસંદગી સમિતિની કામગીરી વધુ ૧ વર્ષ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૬૧૨૯૨૫/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૯/૨/૨૦૨૨

વંચાણે લીધાઃ

(૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃપ.ક.નં/જીએસસીપીએસ/૧૬૯૨/૨૦૧૮-૧૯-૪૩૦૫, તા.૦૮/૦૮/૨૦૧૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૧૧/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૨૫/૦૫/૨૦૧૫.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૧/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૨૫/૦૫/૨૦૧૫.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના જાહેરનામા ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૨/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૩૧/૧૨/૨૦૧૫.

(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના જાહેરનામા ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૬૧૨૯૨૫/છ, તા.૧૭/૧૨/૨૦૧૮.

<u>પ્રસ્તાવના:-</u>

જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૦૦ હેઠળ રચવામાં આવેલ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૧ના નિયમ-૯૨ હેઠળ પસંદગી સમિતિ (Selection Committee)ની રચના કરવાની જોગવાઇ કરવામાં આવેલ તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ના ઠરાવથી પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (3) અને (૪)ના

જાહેરનામાંથી અનુક્રમે પસંદગી સમિતિના અધ્યક્ષશ્રી અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓની સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક: (૫)ના ઠરાવથી પસંદગી સમિતિની કામગીરી નવી પસંદગી સમિતિની રચના ન થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવેલ.

ઠરાવ:

ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ. ૨૦૧૫ હેઠળ ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) મોડલ રૂલ્સ. ૨૦૧૬ના નિયમ-૮૭ પ્રમાણે રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા ત્રણ વર્ષ માટે પસંદગી સમિતિ (Selection Committee)ની રચના કરશે. વંચાણે લીધેલ ક્રમાંક; (૫)ના ઠરાવથી પસંદગી સમિતિની કામગીરી નવી પસંદગી સમિતિની રચના ન થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના મુખ્ય કારોબારી અધિકારીશ્રી. ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી. ગાંધીનગરના તા.૦૮/૦૮/૨૦૧૯ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ. ૨૦૦૦ હેઠળ રચવામાં આવેલ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ. ૨૦૧૧ના નિયમ-૯૨ હેઠળ પસંદગી સમિતિ રચના કરવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) અને (૫)ના ઠરાવ તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૩) અને (૪)ના જાહેરનામાથી રચાયેલ હાલની પસંદગી સમિતિની મુદત આ ઠરાવની તારીખથી વધુ એક વર્ષ સુધી ચાલુ રાખવા આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, માન. રાજ્યપાલશ્રીનું કાર્યાલય, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સા.ન્યા. અને અધિ. વિભાગ.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લૉક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટસ, બ્લોક નં.૧૯/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨.